# વિવેકના સ્વામી દેવાત્મા શ્રીરામ

જ્ઞાનામૃત

બ્રહ્માકુમાર અનિલ



રામાયણમાં જેટલાં પણ પાત્રો વર્ણવેલાં છે તે પ્રત્યેક પાત્રનો કોઈ ને કોઈ રીતે તેમાં અર્થ સમાયેલો છે. જેમ કે, મર્યાદા પુરષોત્તમ શ્રીરામ એક એવું પાત્ર છે જેમાં એક આદર્શ સમાયેલો છે, મર્યાદાઓ સમાયેલી છે, શ્રીરામે બધા જ પ્રકારના સંબંધોને મર્યાદા અને જવાબદારીપૂર્વક નિભાવ્યા છે. તેમણે કોઈ પણ સંબંધે, કોઈ પણ પરિસ્થિતિમાં કયારેય એમના મનમાં કોઈ પણ પ્રકારના નકારાત્મક ભાવો ઉત્પન્ન થવા દીધા નથી એટલે એમ કહી શકાય કે શ્રીરામ સકારાત્મકતાનું શ્રેષ્ઠ પ્રતીક છે.

સમસ્યાઓ દરેક મનુષ્યોના જીવનમાં આવે છે પરંતુ એવી સમસ્યાઓની વચ્ચે આપણા મનમાં તરત જ નકારાત્મક ભાવ ઉત્પન્ન થઈ જાય છે અથવા તરત જ આપણે કોઈને દોષિત સિધ્ધ કરવાના પ્રયત્નોમાં લાગી જઈએ છીએ કે આ જ વ્યકિતને કારણે આમ બન્યું છે પરંતુ શ્રીરામના જીવનમાં પણ અનેક સમસ્યાઓ આવી પરંતુ એવી પરિસ્થિતિ દરમ્યાન પણ શ્રીરામે કેટલી સ્વસ્થતા સાથે, સકારાત્મકતા સાથે પરિરિસ્થતિઓને સંભાળી લીધી. આ વાત ફક્ત કથા યોગ્ય જ નહિ પરંતુ આચરણ યોગ્ય પણ છે. એમણે કોઈ પણ સમસ્યા માટે કોઈ એકને પણ દોષિત કર્યા નથી કે રાવણને કારણે આમ થયું અથવા મંથરાને કારણે આમ થયું અથવા કૈકયીએ આમ કેમ કર્યું. આવી કોઈ પણ પરિસ્થિતિમાં નકારાત્મક મનોવૃત્તિથી કાર્ય ન કર્યું. હંમેશાં સમાધાન સ્વરૂપ રહ્યા અને દરેક સમસ્યાઓનું સમાધાન કરતા ગયા. કોઈ પણ પરિસ્થિતિમાં તનાવગ્રસ્ત બનીને ન કોઈ નિર્ણય લીધો કે ન કોઈ કાર્ય વ્યવહાર કર્યો.

પ્રત્યેક માનવીની અંદર રામ અને રાવણ બંને બેઠેલા હોય છે. રામ મહાન છે. રાવણ પામર છે પરંતુ એની પામરતાનો થોડોક અંશ આપણા સૌમાં પણ પડેલો હોય છે. જો મનુષ્યની અંદર ફકત રામ તત્ત્વ જ હોત તો રામકથા રસવિહીન બની જાત. રામાયણમાં રાવણ એક એવું પાત્ર છે જેમાં અનેક પ્રકારની નકારાત્મક વૃત્તિઓ છે અને તેને નષ્ટ કરવા માટે દશરથના પુત્ર શ્રીરામે જન્મ લેવો પડયો. એ જન્મદિનને આપણે ‘રામનવમી’ તરીકે ઊજવતા આવ્યા છીએ પરંતુ હકીકતમાં જોઈએ તો આ સંસારમાં મુખ્ય ‘રામ’ ના ત્રણ સ્વરૂપો છે. એક રામ દશરથકા બેટા. દૂજા રામ ઘટઘટમેં લેટા. (આત્માને પણ રામ કહેવામાં આવે છે.) ઔર તીસરા રામ જગસે ન્યારા. (સંસારથી ન્યારા પરમાત્માને પણ રામ કહેવામાં આવે છે.) આ ત્રણે ‘રામ’ની વાતોને એકમેકમાં ભેળવી દેવામાં આવી છે. સતયુગ અને ત્રેતાયુગમાં કોઈ પણ પ્રકારના નકારાત્મક વ્યકિતત્વનું કોઈ સ્થાન નથી. હકીકતમાં આ સત્ય વાત આત્મા-રામ અને પરમાત્મા-રામ વચ્ચે છે.

આતમ રામ આધ્યાત્મિકતાનો - ઈશ્વરીય જ્ઞાનનો જો સાથ લે તો પોતાની સ્વસ્થ મનોવૃત્તિના આધારે કઠીનથી કઠીન પરિસ્થિતિઓ પણ દૂર કરી શકે છે. રામાયણમાં આ રહસ્યને સ્પષ્ટ કરતાં સમજાવ્યું છે કે, દૈવીતત્ત્વ અને આસુરી તત્ત્વ વચ્ચે હંમેશાં યુધ્ધ ચાલતું આવ્યું છે. આતમ રામના જીવનમાં પણ આ સંઘર્ષનો દૌર આવ્યો, સંઘર્ષ સતકર્મ અને દુષ્કર્મની સાથે ખેલાતો આવ્યો. પ્રત્યેક વ્યકિતમાં સદગુણો પણ છે તો દુર્ગુણો પણ છે. કયારેક એવી સ્થિતિ સામે આવે છે ત્યારે નકારાત્મકતાનો પ્રભાવ વધી જાય છે અને સકારાત્મકતા પર ચઢાઈ કરે છે. સકારાત્મકતાને પરાસ્ત કરવા પ્રયાસ કરે છે પરંતુ શ્રીરામ અર્થાત પોતાનામાં રહેલા સદગુણોને જાગૃત કરવા કોઈ પણ અવગુણરૂપી નકારાત્મકતા જીવનમાં કયારે પણ આવે તેની સામે લલકાર કરવો.

આજની દુનિયામાં પણ શું થઈ રહ્યું છે? અપહરણના કિસ્સાઓ બની રહ્યા છે. તે સમયે પણ એવી પરિસ્થિતિ બતાવવામાં આવી છે કે, કેવી રીતે અપહરણ કરવામાં આવ્યું? આજના અહંકારી મનુષ્યની જેમ તે સમયે પણ રાવણને અહંકારી અથવા કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારયુકત દર્શાવાયો છે. ઈર્ષા દ્વેષપૂર્ણ બતાવાયો છે. જે પરિસ્થિતિઓ રામાયણમાં દર્શાવી છે તે વર્તમાન સમયે પણ છે એટલે આપણે આપણા સંબંધો કઈ રીતે કુશળતાપૂર્વક નિભાવવાના છે એની સ્પષ્ટતા રામાયણના મહાકાવ્ય દ્વારા પ્રાપ્ત થાય છે. કેવી રીતે આપણે આદર્શ વ્યવહાર સ્થાપન કરી શકીએ એ સત્ય વાતની સમજ રામાયણ પ્રદાન કરે છે.

દેવાત્મા શ્રી રામ વિવેકના સ્વામી હતા. જ્ઞાનને જયારે આચારધર્મી મર્યાદા અને વિચારધર્મી વિવેકનો સથવારો નથી હોતો ત્યારે માનવીના પતનને કોઈ રોકી શકતું નથી, જયારે આપણે પોતાની આત્મિક સ્થિતિ તથા લક્ષની મર્યાદાનો ભંગ કરીએ છીએ, તો રાવણ આપણને હરી લે છે. પહેલાં રાવણ પ્રત્યક્ષ રૂપમાં ન આવતા સાધુરૂપમાં આવે છે. જેમ કે કામવિકાર નહિ હોય તો સૃષ્ટિનો વંશવર્ધન કઈ રીતે થશે? ક્રોધ નહિ હોય તો, આપણો પ્રભાવ કઈ રીતે પડશે? મોહ નહિ હોય તો બાળકોનું પાલન કઈ રીતે થશે? લોભ નહિ હોય તો ઘરસંસાર કઈ રીતે ચાલશે? આવા આ વિકારો આપણી સામે સાધુ વેશે આવે છે અને ત્યારે આપણે આત્મારૂપી સીતાઓ પોતાના લક્ષને ભૂલી માયારૂપી રાવણની જેલમાં ફસાઈ જઈએ છીએ. ત્યારે પરમાત્મા નિરાકાર (શિવ) રામ આપણને સૌને મુકત કરવા માટે પ્રજાપિતા બ્રહ્માના સાકાર દેહનો આધાર લઈ ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગના અભ્યાસ દ્વારા વિકારોમાંથી છોડાવે છે.

ભારતમાં રામરાજય સ્થાપન થાય એ મહાત્મા ગાંધીજી પણ ઈચ્છતા હતા પરંતુ રામરાજ્ય સ્થાપનનું એમનું સ્વપ્ન અધૂરું રહ્યું. વાસ્તવમાં રામરાજયની સ્થાપના નિરાકાર રામ અર્થાત પરમપિતા પરમાત્મા શિવે કરી હતી. કળિયુગ અંતના ધર્મગ્લાનિના સમયે પરમાત્મા શિવ સ્વયં આ ધરા પર અવતરિત થઈ ઈશ્વરીયજ્ઞાન અને સહજ રાજયોગના અભ્યાસ દ્વારા પવિત્ર બનેલ, મનુષ્ય આત્માઓ જ રામરાજયના અધિકારી બને છે.

**જ્ઞાનને જયારે આચારધર્મી મર્યાદા અને વિચારધર્મી વિવેકનો સથવારો નથી હોતો ત્યારે માનવીના પતનને કોઇ રોકી શકતું નથી, જયારે આપણે પોતાની આત્મિક સ્થિતિ તથા લક્ષની મર્યાદાનો ભંગ કરીએ છીએ, તો રાવણ આપણને હરી લે છે**

શ્રીરામ દ્વારા શિવ ધનુષ તોડવાનો વાસ્તવમાં અર્થ એ જ છે કે, ધનુષ એ પુરુષાર્થનું પ્રતીક છે અથવા વીરતાનું પ્રતીક છે. શ્રીરામને ધનુષધારી એટલા માટે બતાવવામાં આવ્યા છે કે શ્રી રામ અનંતકાળ સુધી આસુરી પ્રવૃત્તિઓ સાથે યુધ્ધ કરતાં રહ્યા અને યુધ્ધના ફળ સ્વરૂપે શ્રીરામને રામરાજય પ્રાપ્ત થયું. મહિમા પણ છે કે શ્રીરામે પૂર્વ જન્મમાં પરમ પિતા પરમાત્મા શિવની પૂજા કરી હતી. રામેશ્વર અર્થાત રામના પણ ઈશ્વર શિવ પિતા નિરાકાર જયોતિબિંદુ પરમાત્મા છે.

આવો મિત્રો, આપણે પોતાની જાતમાં વિશ્વાસ મૂકીએ, પરમાત્મા રામમાં વિશ્વાસ મૂકીએ તો આપણા જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતાં રહીશું. પરમાત્મા શકિતના સહારે આપણે પણ વિવેકપૂર્ણ બનતા જઈશું. માનવમાંથી દેવ તુલ્ય બની રામરાજયની દુનિયાના અધિકારી બનીએ એવી શુભ ભાવના, શુભકામના સાથે.

---

# કરિષ્યે વચનં તવ

જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા

સાધુ જ્ઞાનાનંદદાસ



અર્જુનની પ્રતિજ્ઞાને સમજીએ. ભગવાન કૃષ્ણનો ઉપદેશ પૂર્ણ થયો. હવે અર્જુન કહે છે કે “મારો મોહ દૂર થયો, સંશય નાશ પામ્યો અને સાચી સમજ મળી. હવે હે શ્રીકૃષ્ણ ! ‘કરિષ્યે વચનં તવ’ હું દઢ નિશ્ચયથી આપનાં વચનનું પાલન કરીશ.”

‘કરિષ્યે વચનં તવ’ આ એક વાક્ય માત્ર નથી, જીવનનો મર્મ છે. આ માત્ર યુદ્ધ માટેની તૈયારી નથી, એ આંતરિક પરિવર્તનની ક્ષણ છે. સંશયમાંથી નિશ્ચય સુધીની યાત્રા છે.

માનવજીવનનો સૌથી મોટો સંઘર્ષ બહારના યુદ્ધમાં નથી, અંદરના દ્વંદ્વમાં છે. શું કરવું? શું ન કરવું? શું યોગ્ય? શું અયોગ્ય? આ પ્રશ્નોમાં માણસ ગૂંચવાઈ જાય છે. અર્જુન પણ ગૂંચવાયો હતો. જ્ઞાન હતું, શક્તિ હતી, સંજોગો હતા પણ દિશા નહોતી. ત્યારે કૃષ્ણે તેને માત્ર ઉપદેશ આપ્યો નહોતો પરંતુ તેની અંદરની આંખ ખોલી.

અર્જુનનું રૂપ આપણે સામાન્ય યોદ્ધા તરીકે નહીં પણ એક સાચા મુમુક્ષુ તરીકે જોવું જોઈએ. મુમુક્ષુ એટલે કે જે માત્ર પ્રશ્ન પૂછતો નથી પણ મુક્તિ માટે તલપાપડ છે. જેને સત્ય જોઈએ છે, ભલે તે તેની માન્યતાઓ તોડી નાખે. સંબંધોનો ભાર, કરુણાનો પ્રવાહ અને કર્તવ્યનો સંઘર્ષ, આ બધાએ તેને અંદરથી હચમચાવી દીધો હતો. એક સમયે તે યુદ્ધમાંથી ભાગવા તૈયાર હતો. આ સ્થિતિમાં સામાન્ય માણસ તો પોતાનો મત જ સાચો માનીને ઊભો રહી જાય પરંતુ અર્જુન અહીં જુદો પડે છે. કૃષ્ણના પ્રેમ અને મિત્રતાને કારણે તે શરણાગતિ સ્વીકારે છે. તે પોતાના અજ્ઞાનને સ્વીકારી લે છે અને કહે છે, “હું તમારો શિષ્ય છું, મને શીખવો.”

આ જ ક્ષણથી તેની મુમુક્ષુતા શરૂ થાય છે. અર્જુન ક્યાંય ઉતાવળ કરતો નથી, વચ્ચે તર્ક કરે છે, પ્રશ્ન પૂછે છે પરંતુ ભાગતો નથી. અર્જુન આખી ગીતા સાંભળે છે. આ ધીરજ જ તેને આંતરિક પરિવર્તન તરફ લઈ જાય છે.‘કરિષ્યે વચનં તવ’ એ અંધ અનુસરણ નથી. આ વાક્ય સમજણ પછીનું સમર્પણ છે. આજના યુગમાં સમસ્યા એ નથી કે લોકો સાંભળતા નથી, સમસ્યા એ છે કે લોકો સમજ્યા વિના માનતા નથી અને સમજ્યા પછી પણ કરવાનું ટાળી દે છે. આ વાક્ય એ ગાંઠ ખોલે છે.

લોકો જાણે તો છે પણ અર્જુનની જેમ સત્યને અનુસરવાની અને કર્તવ્યપાલન કરવાની દઢતા નથી રાખી શકતા. રોજિંદા જીવનમાં નાની-નાની બાબતોમાં પણ આ ભાવ ખૂટે છે. એક વિદ્યાર્થી જાણે છે કે સમયસર અભ્યાસ કરવો જોઈએ પણ મોબાઈલના આકર્ષણ સામે હારી જાય છે. એક વેપારી જાણે છે કે ઈમાનદારી લાંબા ગાળે ફાયદાકારક છે છતાં તરત લાભ માટે મૂલ્યો વેચી નાખે છે. જાણવું અને કરવું, આ બે વચ્ચેનું અંતર જ જીવનની સમસ્યાઓનું મૂળ છે. અહીં ‘કરિષ્યે’ શબ્દ ખૂબ મહત્ત્વનો છે. એ ક્રિયાશીલતા સૂચવે છે. માત્ર વિચાર, ચર્ચા અથવા પ્રેરણા પૂરતી નથી, અંતે પગલું ભરવું પડે અને ‘વચનં તવ’ એ માર્ગદર્શક પ્રત્યેની શ્રદ્ધા બતાવે છે.

અહીં જીવનમાં સાચી દિશાની પ્રાપ્તિ છે. શાસ્ત્ર અથવા ગુરુની વાણી દિશા તો આપે છે પણ તેને સ્વીકારીને અમલમાં મૂકવું એ જ આ વાક્યનો સાર છે.

એક સરળ ઉદાહરણથી સમજીએ. એક ડૉક્ટર દર્દીને કહે કે “તમારે નિયમિત દવા લેવી પડશે.” દર્દી માની લે પણ દવા સમયસર ન લે, તો શું ફાયદો? જાણવું પૂરતું નથી, કરવું જરૂરી છે. ‘કરિષ્યે વચનં તવ’ એ દવા નિયમિત લેવાની પ્રતિજ્ઞા છે. ઘરમાં માતા બાળકને કહે કે “સત્ય બોલવું.” બાળક સાંભળે, સમજશે પણ જો તે સંજોગોમાં સત્ય બોલવાની હિંમત ન કરે, તો એ શિક્ષણ અધૂરું છે. જ્યારે તે હિંમતથી સત્ય બોલે ત્યારે તે ‘કરિષ્યે વચનં તવ’ જીવતો બને છે.

**માનવજીવનનો સૌથી મોટો સંઘર્ષ બહારના યુદ્ધમાં નથી, અંદરના દ્વંદ્વમાં છે. શું કરવું? શું ન કરવું? શું યોગ્ય? શું અયોગ્ય? આ પ્રશ્નોમાં માણસ ગૂંચવાઈ જાય છે**

આજના યુગમાં માહિતીનો અતિરેક છે પણ નિશ્ચયનો અભાવ છે.

દરેક પાસે જ્ઞાન છે પણ જીવનમાં તે ઉતારવાની શક્તિ ઓછી છે. ગીતા આ જ શીખવે છે -clarity without action is useless. અર્જુને અંતે કોઈ નવી વાત નથી સાંભળી પરંતુ તે જે સાંભળ્યું હતું તેને હૃદયથી સ્વીકાર્યું અને અમલમાં મૂક્યું.

પ્રમુખ સ્વામી મહારાજ સમજાવતા કે આ ગીતાવાક્ય આપણને પૂછે છે, “તું જાણે છે, પણ શું તું માને છે?” જીવનમાં સાચી પ્રગતિ ત્યારે થાય છે જ્યારે જાણેલું મનાય અને જીવનમાં ઉતરે. ‘કરિષ્યે વચનં તવ’ એ માત્ર ગીતાનો અંત નથી, એ જીવનની સાચી શરૂઆત છે.